Extra No. 195

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVII ]** **TUESDAY, JULY 21, 2026 / ASADHA 30, 1948**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ.**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૩૮/૨૦૨૬-National Institute of Electronics & Information Technology (NIELIT), Daman દ્વારા NIELIT. O/A/B/C Level Examination-July-2026 Sessionની પરીક્ષા આગામી તા.૧૧/૦૭/૨૦૨૬ થી તા.૧૨/૦૭/૨૦૨૬ દરમ્યાન યોજાનાર છે. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં મહાત્મા ગાંધી વિદ્યાલય, વિઠ્ઠલ ઉદ્યોગનગર મોગરી રોડ, મોગરી, તા.જિ.આણંદ ખાતેના પરીક્ષા કેન્દ્ર ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે National Institute of Electronics & Information Technology (NIELIT), Daman-ના પત્ર નં. NIELIT/DMN/July26Exam/80, તા.૦૬/૦૭/૨૦૨૬ થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂઈએ તા. ૧૧/૦૭/૨૦૨૬ થી તા.૧૨/૦૭/૨૦૨૬ દરમ્યાન સવારના ૦૯:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક દરમિયાન સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધ :-**

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૦૯:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક દરમિયાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

**અપવાદ :-**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર ખાતે ફરજ બજાવતાં સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં National Institute of Electronics & Information Technology (NIELIT), Daman દ્વારા NIELIT O/A/B/C Level Examination-July-2026 Session માટે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

**લલિતકુમાર એ. પટેલ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

## જાહેરનામું

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૩૯/૨૦૨૬-આગામી તા. ૧૬/૦૭/૨૦૨૬ ના રોજ વિદ્યાનગર શહેર ખાતે રથયાત્રા નિમિત્તે ઈસ્કોન મંદીરથી ક.૧૭/૦૭ થી ક.૨૨/૦૦ દરમિયાન રથયાત્રા નિકળનાર હોય તે દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે નીચે જણાવેલ રૂટ ઉપર પસાર થતાં મોટા ભારે વાહનોને ડાયવર્ઝન કરવા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર નં.એલ. આઈ.બી/રથયાત્રા/જાહેરનામું/૧૭૨૩/૨૬ તા.૧૨/૦૭/૨૦૨૬ થી દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ ક.૧૭/૦૦ થી ક.૨૨/૦૦ સુધી મોટાભારે વાહનો માટે નીચે જણાવેલ રૂટ પરના વાહનોને ડાયવર્ઝનવાળા રૂટ ઉપર જવા હુકમ કરુ છું.

**રૂટ:-**

(૧) જનતા ચોકડી / સરદાર પટેલ સર્કલ તરફથી ભાઈકાકા સર્કલ તરફ આવતા વાહનો ગોલ્ડન ટી ચોકડી થઈ ટર્મીનલ ચાર રસ્તા કરમસદ તરફ ડાયવર્ટ કરવા.

(૨) કરમસદ તરફથી વિદ્યાનગર આવતા વાહનો ટર્મીનલ ચાર રસ્તા થઈ ગોલ્ડન ટી ચાર રસ્તા થઈ સરદાર પટેલ ચાર રસ્તા તરફ ડાયવર્ટ કરવા.

(૩) શહીદચોક ચાર રસ્તાથી ઈસ્કોન મંદીર તરફ આવતા વાહનો મોહીની કોર્નર ચાર રસ્તા થઈ ઘોબી ઘાટ ચોકડી થઈ કરમસદ તરફ ડાયવર્ટ કરવા.

(૪) શહીદચોક / નાના બજાર તરફથી ભાઈકાકા સર્કલ તરફ આવતા વાહનો ચંપલ બજાર થઈ નગરપાલિકા ઓફિસ થઈ યુનિવર્સીટી સ્ટાફ કોલોની થઈ એ.પી.સી. સર્કલ તરફ ડાયવર્ટ કરવા.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**લલિતકુમાર એ. પટેલ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

## જાહેરનામું

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૪૦/૨૦૨૬-આગામી તા. ૧૬/૦૭/૨૦૨૬ ના રોજ પટલાદ શહેર ખાતે રથયાત્રા નિમિત્તે રણછોડજી મંદીરથી ક.૧૨/૦૦ થી ક.૨૧/૦૦ દરમિયાન રથયાત્રા નિકળનાર હોય તે દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે નીચે જણાવેલ રૂટ ઉપર પસાર થતાં મોટા ભારે વાહનોને ડાયવર્ઝન કરવા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના નં.એલ. આઈ.બી/રથયાત્રા/જાહેરનામું/૧૮૦૭/૨૬ તા.૧૦/૦૭/૨૦૨૬ થી દરખાસ્ત કરવામાં આવેલ છે. પત્ર

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ ક.૧૨/૦૦ થી ક.૨૧/૦૦ સુધી મોટાભારે વાહનો માટે નીચે જણાવેલ રૂટ પરના વાહનોને ડાયવર્ઝનવાળા રૂટ ઉપર જવા હુકમ કરુ છું.

**રૂટઃ-**

(૧) સાંઈનાથ ચોકડીથી રણછોડજી ચોકડી સર્કલ તરફ જતો રસ્તો તથા કોલેજ ચોકડી થી રણછોડજી સર્કલ તરફ જતો રસ્તો બંધ કરવો.

(૨) પેટલાદ બસ સ્ટેન્ડ તરફથી રણછોડજી સર્કલ તરફ જતા વાહનો બંધ કરવા.

**ડાયવર્ઝન રૂટઃ-**

(૧) નાના મોટા વાહનો સાંઈનાથ ચોકડી થી કોલેજ ચોકડી થી ઓવરબ્રીજ થઈ રંગાઈપુરા જીઆઈડીસી થઈ પેટલાદ તરફ જઈ શકશે.

(૨) પેટલાદ અંબામાતા પોલીસ લાઈન પેટ્રોલપંપ થઈ બાવરી જકાતનાકા થઈ કોલેજ ચોકડી તરફ જઈ શકશે..

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**લલિતકુમાર એ. પટેલ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

## હુકમ

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયે.**

નં.પીઓએલ/૨/જાહેરનામું/એસ.આર./૧૪૧/૨૦૨૬-આગામી તા. ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ બુરુ પુર્ણિમાનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, તેમજ અત્રેના જિલ્લોની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા. ૧૮/૦૭/૨૦૨૬ થી તા.૦૧/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૧૩/૦૭/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય/જાહેરનામુ/૧૭૨૪/૨૦૨૬ થી

દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જિલ્લામાં તા.૧૮/૦૭/૨૦૨૬ થી તા.૦૧/૦૮/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી, ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

**વિસ્તાર :**

સમગ્ર આણંદ જિલ્લો.

**ખુલાસો:**

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

**અપવાદ:**

આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**લલિતકુમાર એ. પટેલ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 15:33:18 IST